અપીલ અરજી નં.૪૨૦ તા.૨૪–૨–૧૦

અરજદારઃ– શ્રી જયંતીલાલ પ્રેમાભાઈ ગરાસિયા
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયંતીલાલ પ્રેમાભાઈ ગરાસિયાની તા.૧૨–૧–૧૦ ની અરજીથી શ્રી રાકેશ જે. ગરાસિયા ,ટ્રેસર ની નિયમ વિરૂધ્ધ બદલી કરવા બાબત મુદ્દા નં.૧ સુરત મહાનગરપાલિકામાં અમલી બદલી અંગેના નિયમો વિગતે જણાવવા આ નિયમો મંજુર કર્યા અંગેના ઠરાવ નંબર અને તારીખ જણાવવા. શું ગુજરાત સરકારશ્રીના નિયમો સુરત મહાનગરપાલિકાને લાગુ પડતા નથી. વિ. મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૨૦/૨૦૦૯–૧૦

શ્રી જયંતીલાલ પ્રેમાભાઈ ગરાસિયાની તા.૧૨–૧–૧૦ની અરજીથી શ્રી રાકેશ જે. ગરાસિયા ,ટ્રેસર ની નિયમ વિરૂધ્ધ બદલી કરવા બાબત મુદ્દા નં.૧ સુરત મહાનગરપાલિકામાં અમલી બદલી અંગેના નિયમો વિગતે જણાવવા આ નિયમો મંજુર કર્યા અંગેના ઠ રાવ નંબર અને તારીખ જણાવવા. શું ગુજરાત સરકારશ્રીના નિયમો સુરત મહાનગરપાલિકાને લાગુ પડતા નથી? વિ. મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતિ આપવા બાબતે ડે.કમિશ્નર(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૦૯ તા.૩–૨–૧૦ તથા કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી અઠવાઝોનના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આ.૮૨૭ તા.૩–૨–૧૦ થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું તથા મુદ્દા નં.૮,૯,૧૦ અને ૧૧ નો જાવાબ આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૬ તા.૧૦–૩–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તથા મુળ અરજીમાંના દાવા ક્રમાંક ૯ " રજા ભોગવવાના હક પર તરાપ " તથા "થોડા થોડા અંતરે બદલી" બાબતે આપની પાસે જે કોઈ આધાર સમર્થન હોય તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જાવક નં.જીએડી/ઈએસટી/૪૦૬૭ તા.૧૬–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ ,અરજદારની મુળ અરજીની નકલ, ડે.કમિશ્નર(પઅનેઈ) મધ્યસ્થ મહેકમ તરફથી અઠવાઝોનને તબદીલ કરેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૮૬ તા.૧૮–૧–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૮૬ તા.૧૮–૧–૧૦ ના પત્રની નકલ, અરજદારનો તા.૭–૧૦–૦૯ ના ફેકસની નકલ, નં.જીએડી/ઈએસટી/૧૮૩૫ તા.૧૬–૯–૦૯ ના ઓર્ડરની નકલ, પત્ર નં જીએડી/ઈએસટી/૧૮૬૭ તા.૧૨–૮–૦૮ ના ઓર્ડરની નકલ, અરજદારની સર્વીસરેકર્ડના પહેલા પાનાની નકલ, ગોવા ખાતેના મુંબઈ હાઈકોર્ટના તા.૧–૬–૦૯ ના કચેરીયાદીની નકલ, અરજદારને માહિતી આપવા માટે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૦૮ તા.૩–૨–૧૦ ના પત્રની નકલ, તથા આપેલ માહિતી નં.જીએડી/ઈએસટી/૩૫૦૯ તા.૩–૨–૧૦ ના પત્રની નકલ, નં.જીએડી/ઈએસટી/૩૫૮૬ તા.૯–૨–૧૦ રકમ જમા કરાવવા બાબતે પાઠવેલ પત્રની નકલ, ંન.સા.વે.ઝોન/અઠવા/૧૦૦૦ ના ઓર્ડરની નકલ અત્રેના વિભાગને મળેલ છે. તથા ડે.કમિશ્નર(સ્પે) અને સા.વે.ઝોન /અઠવા તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ આ.નં.૯૫૮ તા.૧૬–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં તબદીલ પત્ર અરજદારની મુળ અરજીની નકલ, અઠવાઝોન તરફથી અરજદારને આપેલ માહિતી પત્ર નં.સો.વે.ઝોન/અઠવા/આરટીઆઈ આ.નં.૮૨૭ તા.૩–૨–૧૦ ના પત્રની નકલ, અરજદારના તા.૬–૨–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી બાબતે નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ નં.૮૭૫ તા.૨૦–૨–૧૦ ના પત્રની નકલ, કલમ–૨(ઝ) અને (ટ) ની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૨–૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગતી અરજી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૯ અને ૧૦ ની પૂરેપૂરી તેમજ મુદ્દા નં. ૮ અને ૧૧ ની આંશિક માહિતી માટે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજદારે ઓર્ડર નં.જીએડી/ઈએસટી/ ૧૮૩૫ તા.૧૬–૯–૦૯ અને અઠવાઝોનનો હુકમ નં.સા.વે.ઝોન/૧૦૦૦ તા.૫–૧–૧૦ તથા તા.૭–૧૦–૦૯ ના ફેકસ તથા તા.૮–૧૦–૦૯ ની અરજી તથા પર્સોનલ ઓફિસરની તા.૧૬–૧૧–૦૯ અને તા.૧–૧–૧૦ ની રૂબરૂ મુલાકાતના સંદર્ભે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૦૮ તા.૩–૨–૧૦ થી માંગવામાં આવેલી માહિતી અને દસ્તાવેજો માટે રૂા.૪/– જમા કરાવી માહિતી મેળવવાનું જણાવવામાં આવેલ. તથા ત્યાર બાદ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૮૬ તા.૯–૨–૧૦ થી અરજદારને રકમ જમાં કરાવી પહોંચ રજૂ કરતાં સદર માહિતી પૂરી પાડવામાં આવશે તેવું જણાવતો પત્ર પાઠવવામાં આવેલ છે. તેમજ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૦૯ થી તા.૩–૨–૧૦ થી

મુદ્દા નં.૧ થી ૮ અને ૧૧ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૬–૨–૧૦ ના રોજ અપીલ અરજી કરી સંતોષકારક જવાબ ન મળતાં મુદ્દા નં.૮,૯ ,૧૦ અને ૧૧ કોઈ જવાબ ન મળતા અપીલ અરજી કરેલ છે. અરજદારે તા.૧૦–૩–૧૦ ના પત્રથી માંગેલ પૂરક વિગતોમાં તા.૧૮–૧–૧૦ થી લઈ ૧. તા.૨૩–૧–૧૦ ચોથો શનિવાર ૨. ૨૬–૧–૧૦ જાહેર તહેવારની રજા ૩. તા.૧૩–૨–૧૦ બીજો શનિવાર, ૪. તા.૧૨–૨–૧૦ મહાશિવરાત્રી ૫. તા.૨૭–૨–૧૦ ચોથો શનિવાર ૬ તા.૧–૩–૧૦ ધૂળેટી ૭ તા.૧૩–૩–૧૦ બીજો શનિવારની જાહેર રજા તેમજ રાષ્ટ્રીય તહેવારની રજામાં કામ કરવામાં આવેલ છે. તથા તા.૧૬–૨–૧૦ થી તા.૧૨–૩–૧૦ સવારે ૮ થી રાત્રે ૯.૦૦ ૧૩ કલાક સુધી સેવા લેવામાં આવેલ છે અને વળતર રજા માંગવામાં છતાં આપવામાં આવતી નથી. અને હક રજા ભોગવવાના હક ઉપર તરાપ નહીં તો બીજું શું કહેવાય? થોડા થોડા અંતરે બદલી તા.૧૬–૯–૦૯ ની આદેશાનુસાર બાદમાં ફરી તા.૫–૧–૧૦ ની બદલીની રજૂઆત કરેલ છે. રજા કે વળતર રજા ભોગવ્યા નહીં હોવાના દાવાના આધાર સમર્થન રજૂ કરેલ નથી. મુદ્દા નં.૧. સુરત મહાનગરપાલિકામાં અમલી બદલી અંગેના નિયમ અને વિગત જણાવવા અને આ નિયમો મંજુર કર્યા અંગેના ઠરાવ નંબર અને તારીખ જણાવવા શું ગુજરાત સરકારશ્રીના નિયમો સુરત મહાનગરપાલિકાને લાગુ પડતા નથી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકા એક સ્વાયત સંસ્થા છે જે પોતાના નિયમો ઘડવાની સત્તા ધરાવે છે. જેમાં વહીવટી આર્થિક વિગેરે બાબતોને ધ્યાને લઈ કર્મચારી/અધિકારીઓની બદલી કરવામાં આવેલ છે.આ બાબતે કોઈ ઠરાવી અમલમાં નથી. તેવી માહિતી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૦૯ તા.૩–૨–૧૦ થી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલમાં શું ગુજરાત સરકારશ્રીના નિયમો સુરત મહાનગરપાલિકાને લાગુ પડતા નથી આ મુદ્દાનો કોઈ જવાબ આપવામાં આવેલ નથી. આટલી મોટી સ્વાયત સંસ્થાના કર્મચારીઓની બદલી અંગે કોઈ નિયમ/ઠરાવ ઘડવામાં ન આવ્યો હોય તે માનવા તૈયાર નથી અથવા ગુજરાત સરકારશ્રીના બદલીના નિયમોનો અમલ સુરત મહાનગરપાલિકા કરતી હોય તો તે નિયમો અનુસાર કર્મચારીઓની બદલી થવી જોઈએ. તેવી રજૂઆત કરેલ છે. જેમાં અરજદારે અપીલમાં ગુજરાત સરકારના નિયમો બાબતે કરેલી રજૂઆત અંગે જાહેર માહિતી અધ્કિારી તરફથી જવાબ પાઠવેલ છે તેમજ ઠરાવ કે નિયમો નથી તેવું સ્પષ્ટપણે જણાવેલ છે. મુદ્દા નં.૨ ગુજરત સરકારશ્રીના અમલી બદલી અંગેના નિયમોનુસાર જે તે કેડરમાં જે કર્મચારી સૌથી લાંબા સમયથી એક જ જગ્યા પર હોય તો તેવા કર્મચારીન પ્રથમ બદલી કરવાની થાય છે. આપની નગરપાલિકામાં એક જ જગ્યા પર ૧૨ થી ૨૦ વર્ષ ટ્રેસર તરીકે એક જગ્યા પર જે કર્મચારીઓ છે તેમની પ્રથમ બદલી કર્યા પછી જ રાકેશ જે. ગરાસીયા ટ્રેસરની બદલી કરવાની થાય તેમ છતાં એક જ જગ્યા પર ૧૨ થી ૨૦ વર્ષ એકધારી નોકરી કરતાં ટ્રેસરોની બદલી ન કરતાં રાકેશ જે. ગરાસીયા ટ્રેસર જેના માંડ ૧૦ વર્ષ થયા હશે તેની બદલી કરવાનું કારણ શું હતું? તેમ જ સીનીયરની બદલી ન કરવાનું કારણ શું હતું? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકામાં બદલી સંદર્ભે આવા કોઈ ઠરાવ અમલમાં નથી. મહાનગરપાલિકાના વિશાળ વહીવટી હિતમાં ખાતાની કામગીરી ખાતાના વડાની ભલામણ વિગેરે બાબતો ધ્યાનમાં રાખીને બદલી કરવામાં આવે છે. સદર કિસ્સામાં અઠવાઝોનમાં ૨૪ જેટલી ટીપી સ્કીમો કાર્યરત હોય વિભાગીય વડાની એક જાણકાર ટ્રેસર માટેની ભલામણને ધ્યાનમાં લઈ નવા ટ્રેસરની નિમણુંક કરી શકાય નહીં તેથી ટાઉન પ્લાનીંગ વિભાગમાંથી અનુભવી ટ્રેસરની અઠવાઝોનમાં બદલી કરી. તેની ટાઉન પ્લાનીંગની જગ્યાએ મહીલા ટ્રેસરની નિમણુંક કરવામાં આવી છે બદલી સંદર્ભના કારણની સરકારશ્રીના નોટીફીકેશન મુજબ માહિતીની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી તેવી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં મુદ્દા નં.૨ વિભાગીય વડા અઠવાઝોને ટ્રેસરની માંગણી કરતો જે પત્ર લખેલ હશે તેની નકલ મળવા વિનંતી. જો તેમને જાણકાર ટ્રેસરની માંગણી કરેલ હોય તો રાકેશ જે. ગરાસીયા કરતા પણ બીજા જાણકાર ટ્રેસરો છે અને બદલી પાત્ર પણ છે. તેમની બદલી કેમ કરવામાં આવેલ નથી જો અનુભવી ટ્રેસરની જ અઠવાઝોનમાં જરૂર હોય તો તા.૧૮–૧–૧૦ થી રાકેશ જે. ગરાસીયા ટ્રેસર પાસે ટ્રેસરની કામગીરી કરાવવામાં આવતી નથી અને પાણીખાતામાં એક નવા ટ્રેસર પણ સારી કામગીરી કરી શકે છે. એવી કામગીરી લેવામાં આવી રહેલ છે કે શ્રીમતિ કામીની મીસ્ત્રી પણ બજાવી શકે. તેમ છતાં તેમની અઠવાઝોન ટ્રેસરની ખાલી જગ્યાએ જ કેમ નિમણુંક કરવામાં આવેલ નથી. આમ રાકેશ જે. ગરાસીયાની જાણી જોઈને અન્યાય કરી માનસીક ત્રાસ આપવામાં આવી રહેલ છે. માંદગીમાં સપડાયેલા મોટા ભાઈના મૃત્યુના કારણે રાકેશ જે. ગરાસીયાએ બદલી માનવાતાની દ્રષ્ટિએ મૌફુક રાખવા વિનંતી કરેલ તેમ છતાં બદલી મૌફુક રાખેલ નથી. અને રાકેશ જે. ગરાસીયા રજા ઉપર હોય તેની લાભ લઈ શ્રીમતિ કામીની મીસ્ત્રીને રાકેશ જે. ગરાસીયાની જગ્યાએ હાજર પણ કરી દેવામાં આવેલ. અને રજા પરથી હાજર થતા રાકેશ જે. ગરાસીયાને અઠવાઝોનને ફરજીયાત હાજર થવાની ફરજ પાડી અન્યાય કરવામાં આવેલ છે. તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારે અપીલ તબકકે અઠવાઝોન ના વિભાગીય વડાના ટ્રેસરની માંગણી કરતો મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.૩. નિયમોનુસાર જેને નવી નિમણુંક આપવાની હોય તેને જયાં ખાલી જગ્યા હોય ત્યાં નિમણુંક આપવાની હોય છે સા.વે.ઝોન(અઠવા) માં ખાલી જગ્યા હતી તેમ છતાં શ્રીમતિ કામીની મીસ્ત્રીને સા.વેસ્ટઝોનમાં નિમણુંક ન આપવાનું કારણ શું? રાકેશ જે. ગરાસીયા ટ્રસરને અન્યત્ર ખસેડી શ્રીમતિ કામીની મીસ્ત્રીને મુકવામાં આવ્યા ન હોય તો શું વાંધો હતો? કોને વાંધો હતો? ઉલટાનું સા.વેસ્ટઝોનમાં પતિ પત્ની સાથે નોકરી કરી શકયા હોત. તેવા પ્રશ્નના જવાબ જાહેર માહિતી અધિકારી તરફથી અઠવાઝોનમાં ૨૪ જેટલી ટીપી સ્કીમો કાર્યરત હોવાથી અનુભવી/જાણકાર ટ્રેસરની વિભાગની માં ગણી હોવાથી નવા ટ્રેસરની આવી જગ્યાએ નિમણુંક ન કરતાં જાણકાર ટ્રેસરની બદલી કરવામાં આવેલ દબાણ સબંધે સરકારશ્રીના નોટીફીકેશન જોવા વિનંતી. તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જે બાબતે અપીલના મુદ્દા નં.૩ અઠવાઝોનમાં અનુભવી અને જાણકાર ટ્રેસરની જો ખરેખર જરૂર હોય તો શ્રી ગરાસીયા ટ્રેસર પાસેથી જ કામગીરી કેમ લ ેવામાં આવતી નથી? તેની પાસે ટ્રેસરની કામગીરી ન લેતાં પાણી ખાતામાં એક નોંધણી કલાર્ક જેવી કામગીરી અને તે પણ કોઈ જાહેર રજા ભોગવ્યા સિવાય અઠવાડીયામાં ફકત એક જ રજા ભોગવવાની શરતે જુલમ ગુજારી રહેલ છે રાષ્ટ્રીય તહેવાર તા.૨૬–૧–૧૦ ના રોજ પણ કામગીરી કરાવવામાં આવેલ છે. ૨૬ મી જન્યુઆરી તથા ૧૫ મી ઓગષ્ટ રાષ્ટ્રીય

તહેવારછે તેની રજા આપવી જ પડે ન આપે તો બદલ વેતન ચૂકવવું પડે? જે મળેલ નથી રાકેશ જે. ગરાસીયાને અન્યત્ર ખસેડવામાં ન આવ્યા હોય તો શું વાંધો હતો જેનો કોઈ જવાબ આપવામાં આવેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારે અપીલ તબકકે રાષ્ટ્રીય તહેવારના વળતર તેમજ વેતનની માંગણી કરેલ છે. અપીલ તબકકે મુળ અરજીથી પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.૪. રાકેશ જે. ગરાસીયા ટ્રેસરને જે ટાઉન પ્લાનીંગશાખામાં રાખવામાં આવ્યા હોત તો શું વાંધો હતો? અને શ્રીમતિ કામીની બેન મીસ્ત્રી ટ્રેસરને નિમણુંક આપવાથી શાખા મહાનગરપાલિકાને કયો ફાયદો થનાર હતો તેણીને આટલું બધું મહત્વ આપવાનું કારણ શું હતું? આના માટે સેકશન અધિકારી મહેકમનું દબાણ હતું? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નવા નિયુકત ટ્રેસરને કામગીરીની તાલીમ મળી રહે અને અઠવારઝોનની વિશાળ કામગીરી માટે જાણકાર ટ્રેસર મળી રહે તે હેતુથી વહીવટી હિતને ધ્યાને લેવામાં આવેલ છે. ખાલી જગ્યા ઉપર નવી નિમણુંક આપવાની કોઈ જોવાઈ નથી. નિમણુંક/ બદલીના કિસ્સામાં સક્ષમ સત્તા આદેશો મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. જેથી દબાણને કોઈ અવકાશ નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં અપીલના મુદ્દા નં.૪ અઠવાઝોનમાં પણ ડ્રાફટમેનની જગ્યા ભરેલ હોય શ્રી કામીનીબેન મીસ્ત્રીને ટ્રેસરની કામગીરીની તાલીમ મળવાની હતી જો મુગલીસરા કચેરીમાંજ તાલીમ મળતી હોય તો શ્રીમતિ કામનીબેન મીસ્ત્રી સાથે લેવાયેલ શ્રી લાડ વિમલ અમરતભાઈને પણ ગરાસીયાની જેમ બીજા જાણકાર ટ્રેસની બદલી કરી શ્રી લાડને પણ તાલીમ અર્થે મુગલીસરા કચેરીમાં જ રાખવા હતા તેની કેમ ટ્રાફીક સેલની ખાલી જગ્યા સામે નિમણુંક આપી? " શ્રીમતિ કામની મીસ્ત્રી ટ્રેસરને મુગલીસરા કચેરીમાં નિમણુંક આપવાથી શાખા કચેરીને કયો ફાયદો થનાર હતો. તેણીને આટલું બધું મહત્વ આપવાનું કારણ શું હતું આ મુદ્દાનો જવાબ આપવામાં આવેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે મુદ્દા નં.૪ માં જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબમાં જણાવેલ છે . મુદ્દા નં.પ. ફકત ત્રણ માસ જેટલા ટુંકા ગાળામાં રાકેશ જે. ગરાસીયાની (કે જે બદલીમાં ન આવતા હોવા છતાં) બબ્બે વખત ખોટી રીતે બદલી કરવાનું તેમજ એક જ જગ્યા ઉપર ૧૨ થી ૨૦ થયા હોય તેવા ટ્રેસરોની એકવાર પણ બદલી ન કરવાનું કારણ શું હતું? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ કર્મચારીની ખોટી બદલી કરવામાં આવતી નથી શ્રી રાકેશ જે. ગરાસીયાની ત્રણ માસ પહેલા કોઈ બદલી કરવામાં આવેલ નથી. કારણ માટે સરકારશ્રીનું નોટીફીકેશન જોવા વિનંતી તેવી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં અપીલના મુદ્દા નં.પ આ મુદ્દાનો જવાબ આપવામાં આવેલ નથી સરકારશ્રીને નોટીફીકેશન જોવા વિનંતી. પણ નોટીફીકેશન સામેલ નથી. જે નોટીફીકેશનની નકલ જો મે માંગી હોય તો મારે પૈસાર ભરીને નકલ લેવી પડે. મહાનગરપાલિકા નોટીફીકશન જોવા જણાવે છે તેવા સંજોગોમાં તેમને તે સામેલ રાખવું જરૂરી બને છે. તેવી રજૂઆત કરેલ છે. અરજદારે આપેલ માહિતીના સંદર્ભે અપીલ તબકકે નોટીફીકેશનની માંગણી કરેલ છે. જે મુળ અરજીથી અલાયદી માંગણી છે. મુદ્દા નં.૬ ભારે અન્યાય થયેલ રાકેશ જે ગરાસીયા ટ્રેસરને પાછા ટાઉન પ્લાનીંગ શાખામાં પરત કરી ન્યાય આપવામાં આવશે? અને ટાઉન પ્લાનીંગ શાખામાં પરત ન કરવા હોય તો તેનું કારણ શું? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વહીવટી હિતને ધ્યાને રાખી બદલી કરવામાં આવેલ હોય કર્મચારીને કોઈ અન્યાય કરવામાં આવેલ નથી. તેથી બદલીના મુળ ખાતામાં પરત કરવાનો પ્રશ્ન રહેતો નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં અપીલના મુદ્દા નં.૬. રાકેશ જે. ગરાસીયાની અન્યત્ર બદલી કરી તેની જગ્યાએ શ્રીમતી કામીનીબેનને નિમણુંક આપવા પાછળ કયું હિત જણાતું હતું તે જણાવવા વિનંતી. તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૭ બીજા વખતની બદલી સમયે પણ અન્યોની બદલી ન કરતાં ત્રણ માસ પૂર્વ જ હાજર થયેલ તે રાકેશ જે. ગરાસીયાની જ ફરી બદલી કરવાનું કારણ શું? નિયમો તો એમજ જણાવે છે કે એક જ જગ્યા ઉપર ઓછામાં ઓછા ત્રણ વર્ષ પૂરા કરેલ ન હોય તેની બદલી કરવી નહીં " છતાં ત્રણ જ માસમાં બીજી વખત કે બદલી કરી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ત્રણ માસ પહેલા આવી કોઈ બદલી કરવામાં આવેલ નથી તેવી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં અપીલના મુદ્દા નં.૭ ત્રણ માસના ટુંકા ગાળામાં બીજી વખત બદલી કરવામાં આવેલ છે પ્ર થમ આદેશ તા.૧૬–૯–૦૯ અને બીજી વખત બદલીનો આદેશ તા. ૫–૧–૧૦ છે જે સુરત મહાનગરપાલિકા પાસ ે ઉપલબ્ધ છે જ. તેવી રજૂઆત કરેલ છે. આમ બંને હુકમો જોતાં અરજદારે તા.૧૬–૯–૦૯ થી મહેકમ વિભાગના હુકમથી અઠવાઝોનમાં ખાલી જગ્યા પર બદલી કરવામાં આવેલ છે જયારે તા.૫–૧–૧૦ ના હુકમમાં અઠવાઝોન તરફથી કામગીરીની સોંપણીનો હુકમ છે. વધુમાં અરજદારની સર્વીસબુકમાં પણ ૮–૯–૯૮ પછી તા.૨૦–૧૦–૦૯ ના રોજ બદલીના હુકમની નોંધ થયેલ છે. તે સિવાય બદલી અંગેની કોઈ નોંધ રેકર્ડ જોતા નથી. મુદ્દા નં.૮ રાકેશ જે. ગરાસીયાને ટ્રેસરની કામગીરી ન સોંપતા અન્ય કામગીરી કે જે ટ્રેસરની કામગીરીને લગતી નથી તેવી કામગીરી સોંપવાનું કારણ શું? બીજા ગમે તે કર્મચારીને ફાજલ કર્મચારીને આ કામ માટે કેમ મુકવામાં આવેલ નથી? રાકેશ ગરાસીયાની જ દર વખતે બદલી કર્યા કરવી એવી કોઈ સુચના છે? જો હોય તો કોની? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આંશિક માહિતી અંગે હોદ્દાને અનુરૂપ બદલી કરવામાં આવેલ છે અન્ય કામગીરી માટેનું કોઈ સૂચન મહેકમ વિભાગ તરફથી કરવામાંઆવેલ નથી તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં અપીલના મુદ્દા નં.૮ અરજીના મુદ્દા નં.૮,૯ ૧૦ અને ૧૧ નો કોઈ જવાબ આપવામાં આવેલ નથી. તેમજ તેમના તા.૩–૨–૧૦ ના પત્રથી રેકર્ડ ઉપલબ્ધ ન હોય આપી શકાય નહીં તેવું જણાવેલ છે. વધુમાં કલમ–૨(છ) અને ૨(ટ) ની નકલ પણ માંગેલ છે તે પણ આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે મહેકમ વિભાગ તરફથી જવાબ પાઠવેલ છે જયારે અંશતઃ જવાબ અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/૮૨૭ તા.૩–૨–૧૦ થી પાઠવવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૬–૨–૧૦ ના પત્રથી કલમ–૨(છ) અને ૨(ટ)ની નકલની રજૂઆત પણ કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા. વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૭૫ તા.૨૦–૨–૧૦ થી અરજદારને નકલ પૂરી પાડતા પત્રની નકલ રજૂ કરેલ છે.

તથા તેના યુપીસી કર્યાની એકનોલેજમેન્ટ સ્લીપ પણ રજૂ કરેલ છે. મુદ્દા નં.૯ સરકારશ્રીને દરેક કર્મચારીઓ માટે જાહેર કરેલ. જાહેર રજાઓ ભોગવવાનો અધિકાર છે. પરંતુ રાકેશ જે. ગરાસીયાએ હાલ જયાં કામગીરી કરવાની છે તે અધિકારી

એવું જણાવે છે કે " કોઈ પણ જાહેર રજા ભોગવી શકાશે નહીં ફકત અઠવાડીયામાં એક જ રજા અને તે પણ અધિકારી જણાવશે તે દિવસ પૂરતી જ ભોગવી શકશે. આ તો કર્મચારીઓના બંધારણીય હકકો ઉપર તરાપ મારવાનો જુલમ જ છે આથી જાહેર રજાઓ ભોગવવા માટે જરૂરી સ્પષ્ટતા કરવી. મુદ્દા નં.૧૦ અનુસંધાન (ક) વાળા કચેરી આદેશ અનુસાર રાકેશ જે. ગરાસીયાને જે કામગીરી સોંપવામાં આવી છે તે ટ્રેસરની કામગીરી નથી તેમ છતાં ટ્રેસર અને તે પણ રાકેશ જે. ગરાસીયાને આ કામગીરી માટે મુકવાનું કારણ શું? મહાનગરપાલિકામાં જેમની પાસે ઘણી જ ઓછી કામગીરી હોય (ગમે તે કેડર) તેવા કર્મચારીને મુકવા માટે શું વાંધો હતો? શું રાકેશ જે. ગરાસીયા ફાજલ (સરપ્લસ) સ્ટાફ છે? થોડા થોડા અંતરે દર વખતે એની જ કેમ બદલી કરવામાં આવે છે? મુદ્દા નં.૧૧ જો હવે પછી પણ રાકેશ જે. ગરાસીયા ટ્રેસરને ન્યાય ન મળશે તો કોર્ટમાં જવાની ફરજ પડશે આથી કોર્ટમાં દાવો મુકવાની મંજુરી આપવા વિનંતી. તેવી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. કમિશ્નર(પઅનેઈ) તરફથી કર્મચારીને કોઈ અન્યાય કરવામાં આવેલ નથી તથા કોર્ટમાં દાવો મુકવા માટેની મંજુરી આપવાની પ્રથા નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે ડે.કમિશ્નર(સ્પે) અઠવાઝોન તરફથી આમ અરજદારે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગતી અરજી બાબતે મુદ્દા નં.૯,૧૦ ની પૂરેપૂરી તેમજ ૮ અને ૧૧ ની આંશિક માહિતી માટે જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. તે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૨૭ તા.૩–૨–૧૦ થી અરજદારને માંગવામાં આવેલી માહિતી બાબતે જણાવતા આરટીઆઈ એકટની કલમ–૨(છ) અને ૨(ટ) ની જોગવાઈઓ વંચાણે લેતાં મુદ્દા નં.૮,૯ ૧૦ તથા ૧૧ ની બાબતે " માહિતી " અને રેકર્ડ અન્વયેની ન હોય તેમજ તેવી કોઈ માહિતી કે તે અંગેનું કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી તેવી માહિતી પૂરી પાડેલ. જેના અનુસંધાને અરજદારે તા.૬–૨–૧૦ ના પત્રથી કલમ–૨(છ) તથા ૨(ટ) ની નકલની માંગણી કરેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ /આ.નં.૮૭૫ તા.૨૦–૨–૧૦ થી અરજદારને તથા નકલ પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે એકનોલ ેજમેન્ટ સ્લીપ પણ રજૂ કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

સમગ્ર હકીકત જોતાં અરજદારની બદલી મહેકમ વિભાગમાંથી થયેલ તે સામે કારણની માહિતી માંગેલ છે. પ્રથમદર્શી જોતાં લગભગ ૧૧ વર્ષ બાદ તેમની બદલી થયેલ છે. જયારે અઠવાઝોન ખાતે આંતરિક કામગીરીની સોંપણીના ભાગરૂપે હુકમ કરેલ જણાય છે. મુદ્દા નં.૮ ,૯ અને ૧૦ અંગે અઠવાઝોન ખાતેથી કોઈ માહિતી પૂરી પાડેલ નથી જે દફતરી હકીકતે આપવાપાત્ર થાય. અગર તે અંગે લાગત ફાઈલની તપાસણી અરજદારને પૂરી પાડવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ બાબતે અરજદાર ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમનો દિન–૭ માં આગોતરો સમય મેળવી આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ મુજબ ઈન્સ્પેકશન મેળવી શકે છે. અરજદાર તરફથી તેની માંગણી થયે તપાસણી પૂરી પાડી તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

જયારે મુદ્દા નં.૮,૯ અને ૧૦ અંગે જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને દફતરી ઉપલબ્ધ માહિતી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા જણાવવામાં આવે છે.

અરજદાર મુદ્દા નં.૨,૩ અને ૫ અંગે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે તે બાબતે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/ ડે.કમિશ્નર(જનરલ),
તારીખ : –૩ –૧૦ અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન )...જાણ તથા અમલ માટે
(૨) શ્રી જયંતીલાલ પ્રેમાભાઈ ગરાસિયા